

અપોલો હોસ્પિટલ્સ અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન વિમેન ડૉક્ટર્સની વિંગ (IMA-WDW)એ અંગદાન ઉપર સમાજમાં જાગૃતિ લાવવા જોડાણ કર્યું છે. સ્છ-ઉઢઉ અને અપોલો હોસ્પિટલ્સ અંગદાન માટે પ્રતિજ્ઞા કરવા અમદાવાદ અને ગાંધીનગરનાં ૧૨ સંસ્થાઓ સાથે હાલ મિલાવ્યાં છે. નિષ્ણાતો અને ડૉક્ટરોએ દેશમાં અંગદાન માટે યુવાપેઢીમાં જાગૃતિ લાવવા શહેરમાં વિવિધ સ્થળે સંવાદનું આયોજન કર્યું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ તેમનાં અંગોનું દાન કરવાની અને આ માટે તેમની આસપાસનાં લોકોને પ્રોત્સાહન આપવાની પ્રતિજ્ઞા કરી હતી.

# અમદાવાદનાં ૪૧ તબીબો ભાજપમાં જોડાયા

## દેશના રક્ષણની વિચારધારાની સાથે કાર્ય કરતી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઈ તબીબોએ ગર્વનો અનુભવ કર્યો

ગાંધીનગર, તા. ૧૩

પદ્મશ્રી તેજસ પટેલ, પદ્મશ્રી સુધીર શાહ, નાગપાલ સહિત ૪૦થી વધુ જાણિતા તબીબોએ આજે ભાજપનો ખેસ પહેર્યો હતો. આ તમામે વિધિવતરીતે ભાજપના સભ્ય બનાવવામાં આવ્યા હતા. આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીના નેતૃત્વમાં ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.


જેમાં વાઘાણીએ આ તમામને ભાજપનો ખેસ પહેરાવ્યો હતો. પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે, ભાજપ સંગઠન પર્વ સભ્ય વૃદ્ધિ અભિયાન દેશભરમાં જોરદારરીતે જારી છે. ગુજરાતમાં પણ વિવિધ વર્ગ સમૂહ ભાજપના રાષ્ટ્રવાદી અને વિકાસવાદી વિચાર સાથે જોડાઈ રહ્યા છે. ભાજપની રાષ્ટ્ર પ્રથમની વિચારધારા, જનકલ્યાણકારી અને વિકાસની રાજનીતિનો તમામ લોકો સ્વીકાર કરી રહ્યા છે. વાઘાણીએ કહ્યું હતું કે, દેશ આગળ વધી રહ્યો છે. બદલાઈ રહ્યો છે. આજે દેશના નાગરિક તેમની અનુભૂતિ પણ કરી રહ્યા છે. ગુજરાતના બે પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં આજે દેશ વૈશ્વિક સ્તરે ઉંચાઈ હાંસલ કરે છે. તેમના નેતૃત્વથી પ્રેરણા લઈને દેશના કરોડો નાગરિક ભાજપની વિચારધારા સાથે જોડાઈ રહ્યા છે. ત્યારે દર્દીઓ માટે ભગવાન સ્વરુપ એવા દેશ-વિદેશમાં વિખ્યાત તબીબો પણ દર્દી નારાયણની સેવા માટે સમર્પિત કરીને આગળ આવી રહ્યા છે. ૧૯૯૫થી સતત ગુજરાતની જનતાએ ભાજપ ઉપર વિશ્વાસ રાખીને અવિરત પ્રેમ વરસાવ્યો છે.

૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં પણ છઠ્ઠીવાર ભાજપનો વિજય થયો હતો. ત્યારબાદ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપે સતત બીજી વખત તમામ ૨૬ બેઠકો જીતી હતી જે સમગ્ર જનતાનો ભાજપ પ્રત્યેનો અતુટ વિશ્વાસ દર્શાવે છે. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના સભ્ય બનેલા તબીબોએ પણ પોતપોતાની પ્રતિક્રિયા આપી હતી. દેશની સંસ્કૃતિ, શાલીનતાના રક્ષણની વિચારધારા સાથે કાર્ય કરતી ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરીને તબીબોએ ગૌરવની લાગણી અનુભવ કરી હતી. પદ્મશ્રી સુધીર શાહે કહ્યું હતું કે, ધર્મ-આધ્યાત્મની સંસ્કૃતિની ધરોહર ધરાવતા ભારત દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ આગળ વધે છે ત્યારે નવા શિખરો સર કરવાનો સમય છે. પદ્મશ્રી તેજસ પટેલે પણ આવી જ પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હુતં કે, જમ્મુ કાશ્મીરમાં ૭૦ વર્ષ જુના પ્રશ્નનું નિરાકરણ સચોટ રાજકીય સુઝબુઝ સાથે મોદી અને શાહની જોડીએ લાવ્યું છે.

# ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામનુ ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્માના નાનકડા ગામની દિકરીએ જીપીએસસી પરીક્ષા પાસ કરી નાયબ કલેક્ટર તરીકે પસંદગી લીધી છે. જેથી જીએએસ કેડરના કલાસ વન ઓફીસર તરીકે ગામમાં ધમાકેદાર એન્ટ્રી કરતા ગરમાવો આવી ગયો હતો. ગામમાં કાર ઉપર સવારી બાદ પોતાના ઘરની બહાર નાનકડી સભા સંબોધી હતી. જેથી ગામમાં સમાજનું યુવાધન જાણે હિલોળે ચડ્યું હોય તેવુ વાતાવરણ બન્યુ હતુ.



સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામની દિકરી સિધ્ધિ દિનેશભાઈ વર્માએ નામ મુજબ સિધ્ધિ મેળવી છે. તાજેતરમાં પુર્ણ થયેલી જીપીએસસીની ભરતીને અંતે સિધ્ધિબેન નાયબ કલેક્ટર તરીકે પસંદ થઈ છે. જેનાથી પરિવાર સહિત ગામમાં ગૌરવ અને આનંદની લાગણી બની છે. સિધ્ધિ અને તેના પરિવારજનોએ મંગળવારે ગામમાં કાર સાથે સવાર થઈ નાનકડી રેલી કાઢી હતી. જેમાં દલિત સમાજ સહિતના યુવાનો રોમાંચિત બની જોડાયા હતા.

જાહેરમાં કારની સવારી પુર્ણ કર્યા બાદ સિધ્ધિબહેને પોતાના ઘર નજીક લાઉડ સ્પીકર સાથે સભા સંબોધી હતી. જયાં યુવાથી માંડી સિનિયર સિટીઝન સહિતના ઉપસ્થિત રહ્યા. દરમ્યાન શિક્ષિત થવા અને આકરી મહેનત કરી પરીક્ષા પાસ કરવાની ટિપ્સ આપી હતી. નાયબ કલેક્ટરમાં નિમણુંક થતા ખેડબ્રહ્મા પંથકમાં વધુ એક યુવતિ પરીક્ષાર્થીઓ માટે ઉદાહરણ બની હોવાનું માનવામાં આવી રહ્યું છે.



**ડીસામાં મેડિકલના વિદ્યાર્થી ભાઈ-બહેનનું રક્તદાન**

'મોરના ઈંડા ચીતરવા ના પડે' કહેવતને સાર્થક કરતા ડીસાના સેવાભાવી તાલુકા આરોગ્ય અધિકારીના પગલે તેમના મેડીકલમાં ભણતા પુત્ર અને પુત્રીએ પણ એક સાથે રક્તદાન કરી સમાજમાં રક્તદાન મહા દાન અંગે જન જાગૃતિની પ્રેરણાદાયી પહેલ કરી છે. રક્તદાન અનેક અકાળે મુરઝાયે જતી માનવ જિંદગીને નવ જીવન બક્ષે છે, તેથી બનાસકાંઠા જિલ્લાના વેપારીમથક ડીસામાં ૭૩માં સ્વતંત્રતા પર્વ નિમિત્તે તાલુકા હેલ્થ કચેરી અને ભણસાલી ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બનાસકાંઠામાં શ્રાવણિયો ઝરમર વરસતાં સર્વત્ર ખુશાલી

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહી વચ્ચે રવિવારે સાંજે પુરા થતાં ચોવીસ કલાસ દરમિયાન સુઈગામમાં ૫ ઈંચ જ્યારે ભાભરમાં અઢી ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓમાં દિવસભર હલ્કાથી ભારે ઝાપટા પડ્યા હતા.

બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહી વચ્ચે વરસાદી માહોલ જામ્યો છે. જોકે, જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલા પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, દાંતીવાડાપંથકમાં જોઈએ તેવો ધોધમાર વરસાદ થયો નથી. પરિણામે આ વિસ્તારની ઉમરદશી, ઉકાંચલી, સરસ્વતી સહિતની નદીઓ કોરી ધોકાર રહી છે. નાના તલાવોમાં પણ પાણી આવ્યા નથી. આવી સ્થિતિમાં રવિવારે સાંજે પુરા થતાં ચોવીસ કલાસ દરમિયાન સુઈગામમાં ૫ ઈંચ જ્યારે ભાભરમાં અઢી ઈંચ વરસાદ પડ્યો હતો.

## ધાનેરાથી ભીનમાલ ક્ષેમકરી માતાજીના દર્શનાર્થે સંઘ રવાના

ધાનેરા થી ભીનમાલ પગપાળા સંઘ છેલ્લા કેટલાય વર્ષોથી શ્રાવણ મહિના માં ક્ષેમકરી માતાજીના દર્શને પગપાળા જાય છે તો રવિવારે ધાનેરાથી ભીનમાલ ક્ષેમકરી માતાજી ની ધજાઓ સાથે ડીજેના તાલે વાજતે ગાજતે ૧૦૦ જેટલા માઈ ભક્તોએ ચાલતાં સંગે પ્રયાણ કર્યું હતું ઝરમર ઝરમર વરસાદના માહોલમાં પણ માઈ ભકતો ભીનમાલ માં ક્ષેમકરી માતાજીના દર્શન કરવા પગપાળા સંઘ રવાના થયો હતો.

## સામઢી ખાતે વૃક્ષોને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરાઈ

વડગામ,

સદવિચાર ફાઉન્ડેશન દ્વારા સામઢી કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય ખાતે લાઈબ્રેરીની શરૂઆત તેમજ વૃક્ષો ને રાખડી બાંધી રક્ષાબંધન ની ઉજવણી તેમજ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય સ્કૂલના જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવી,

આ પ્રસંગે બનાસકાંઠા



શિક્ષણ સમિતિના ચેરમેન લક્ષ્મીબેન કરેણ, ગુજરાત નામાંકિત લોકગાયક રાકેશભાઈ બારોટ, ગુજરાતના નામાંકિત લોકગાયિકા દર્શનાબેન વ્યાસ (પંચમ ગ્રુપ પાટણ), ગુણવંતસિંહ રાજપુત, સાગરભાઈ પુરબીયા, સરપંચ શ્રી, તેમજ સદવિચાર ફાઉન્ડેશનની સમગ્ર ટીમ ઉપસ્થિત રહી હતી, કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલયનો સમગ્ર સ્ટાફ આચાર્ય આશાબેન ચૌધરી, કલાવતી બેન દેસાઈ, દીપિકાબેન તેમજ સમગ્ર સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી, સદવિચાર ફાઉન્ડેશનની કામગીરી ને બિરદાવી હતી, કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય સ્ટાફગણના સ્ટાફ દ્વારા આભાર માન્યો હતો.

# સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પ્રશિક્ષણ શિબિર યોજાઈ



બનાસકાંઠા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત પ્રદેસ સમિતિ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વિવિધ યોજનાઓ માતેની પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો હાજર રહ્યા હતા.

સરકાર દ્વારા જનરલ કેટગરીમાં આવતા લોકોને દસ ટકા અનામત આપવામાં આવી છે.જેથી આ અંગે બ્રહ્મ સમાજના યુવાનોમાં સમજ આવે અને યોજનાનો લાભ કઈ રીતે લઈ શકાય તે માટે બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજ પ્રદેશ સમિતિ દ્વારા પાલનપુરની જ્ઞાનમંદિર પ્રાથમિક શાળા ખાતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વિવિધ યોજનાઓ માટેની પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતુ.જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા.

# બુટલેગરોએ વેગનઆર કારના ડેશબોર્ડમાં ગુપ્ત ખાનું બનાવી ૨૯ બોટલ સંતાડી

મેઘરજ, તા. ૧૩

મેઘરજ તાલુકો રાજસ્થાન રાજ્યની સરહદે આવેલો હોવાથી પરપ્રાંતીય બુટલેગરો અવનવા કીમિયા આપવાની પ્રયત્નશીલ રહેતા હોય છે.



બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહે છે. શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા વાહનોમાં વિદેશી દારૂ રાજ્યમાં ઠલવાય છે. મેઘરજની ઉંડવા અને રેલ્લાવાડાના સીમાડાઓમાંથી કાર-બાઈક જેવા નાના વાહનો મારફતે વિદેશી દારૂ ઘુસાડવા સ્થાનિક અને

મેઘરજ પીએસઆઈ પી.ડી. રાઠોડ અને તેમની ટીમે બાતમીના આધારે ઉંડવા ચેકપોસ્ટ પરથી વેગનઆર કારમાંથી ડેશબોર્ડની નીચે ગુપ્ત ખાનું બનાવી સંતાડેલ ૨૭ હજાર રૂપિયાના વિદેશી દારૂ સાથે બે બુટલેગરોને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

મેઘરજ પોલીસે રાજસ્થાનને અડીને આવેલી ઉંડવા ચેકપોસ્ટ પર વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. બાતમી આધારિત કાર રાજસ્થાન તરફથી આવતી કારને અટકાવી તલાસી લેતા કારમાંથી દારૂ ન મળતા પોલીસ ચોકી ઉઠી હતી. બાતમી સજ્જડ હોવાથી વેગનઆર કારના અંદરના ડેસ્કબોર્ડ ખોલતા ડેસ્કબોર્ડની અંદર બનાવેલ ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની ૨૯ બોટલ કીં. રૂ.૨૭૫૫૦નો જથ્થો મળી આવતા કારચાલક રાજેન્દ્રપ્રસાદ મંગેજરામ ગુર્જર અને મુકેશપ્રસાદ મંગેજરામ ગુર્જર (બંને રહે. ફાગોડીયાની ધાણી, રાજસ્થાન)ની ધરપકડ કરી વેગનઆર કારની કીં. રૂ.૧૭૭૫૫૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગરો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે બિરાજમાન વિશ્વેશ્વર મહાદેવ બન્યુ પર્યટન ધામ



પાલનપુર

પવિત્ર શ્રાવણ માસમાં બનાસકાંઠા જિલ્લામાં કુદરતે વેરેલા પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં ભક્તિનું ઘોડાપુર ઉમટયું છે. નદી કિનારે અરવલ્લીઓની ડુંગરમાળાઓ વચ્ચે આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિરે આવતા ભક્તો ભગવાન ભોલેનાથના દર્શન કર્યા બાદ પ્રકૃતિના ખોળે રમી આનંદ માણી રહ્યા છે.

પાલનપુરથી ત્રીસેક કિલોમીટર દૂર ઈકબાલગઢ પાસે આવેલું શ્રી વિશ્વેશ્વર મહાદેવનું મંદિર પવિત્ર શ્રાવણ માસમાં શિવભક્તો માટે અનેરી આસ્થાનું કેન્દ્ર બન્યું છે. જોકે, નદી કિનારે કુદરતે છુટા હાથે વેરેલા પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આવેલા વિશ્વેશ્વર મહાદેવના મંદિર હાલમાં તો ભક્તોનો ભારે ધસારો રહે છે. એમાંય વળી, રજાઓના માહોલ વચ્ચે વિશ્વેશ્વર તીર્થધામ જાણે પીકનીક સ્થળ બની ગયું છે.

વિશ્વેશ્વર મહાદેવના દર્શનાર્થે દૂર...સુદૂરથી પરિવારસહ આવતા યાત્રાળુઓ નદીમાં સ્નાન કરવાની સાથે પ્રકૃતિનો અનેરો આનંદ માણી રહ્યા છે. આમ, વિશ્વેશ્વરમાં, પ્રકૃતિ સોળેકળાએ ખીલી ઉઠતા શ્રાવણ માસમાં શ્રી વિશ્વેશ્વર મહાદેવ તીર્થધામ એક અનેરા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

# પ્રાંતિજ કિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે દેશભકિત ગીતોની હરિફાઈ યોજાઈ

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે જાયન્ટસ ગૃપ પ્રાંતિજ અને ખાતે આવેલ છ શાળાઓએ ભાગ લીધો હતો, જેમાં વિદ્યાર્થીઓના ઉંમર પ્રમાણે એ-બી બે ગૃપો પાડવામા આવ્યા હતા. એ ગુપમા પ્રથમ ક્રમે-




ગૃપ ૩ સી ના પૂર્વ પ્રમુખ વજેશભાઈ ભાવસાર, જાન્યટસ ગૃપ પ્રાંતિજ સહેલીના પ્રમુખ દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, જાયન્ટસ ગૃપના મંત્રી

જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજના સહયોગથી ઈન્ટર સ્કૂલ દેશભકિત ગીતોની હરિફાઈ સ્પર્ધા યોજાઈ હતી જેમાં છ સ્કૂલના વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ કિસ્ટલ પબ્લિક સ્કૂલ ખાતે જાયન્ટ ઓફ ગૃપ પ્રાંતિજ અને જાયન્ટસ ગૃપ સહેલી અને કિસ્ટલ પબ્લિક સ્કૂલના સહયોગથી ઈન્ટર સ્કૂલ દેશભકિત ગીતની હરિફાઈ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ પરમાર જોન્સી, બીજા ક્રમે રાઠોડ દેવાંગી અને ત્રીજા ક્રમે ડોડીયા દિવ્યરાજ વિજેતા થયા હતા. બી ગુપમા પ્રથમ ક્રમે બારોટ પૂર્વ બીજા ક્રમે ટેકવાણી યશ અને ત્રીજા ક્રમે પટેલ વૈદેહી વિજેતા બન્યા હતા. નિર્ણાયક તરીકે સ્વામી અશોકભાઈ અમદાવાદ, પ્રશાંતભાઈ નાયક હિંમતનગર, હરેશભાઈ દરજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાયન્ટસ ગૃપના સ્પેશિયલ કમીટી મેમ્બર ડાં. એન.કે. ડેરિયા, જાયન્ટસ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, જીવદયા ફેડરેશન ૩ સી ઓફિસર મહંત સુનીલદાસજી મહારાજ, જાયન્ટસ સહેલીના મંત્રી સર્વોદાબેન પરમાર, કિસ્ટલ પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ ભામીનીબેન શેઠ તથા કિસ્ટલ પબ્લિક સ્કૂલ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દક્ષિલભાઈ દેસાઈ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, વજેશભાઈ ભાવસાર તેમજ કિસ્ટલ પબ્લિક સ્કૂલ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

# હિંમતનગરમાં સોનીની દુકાનમાંથી ૬૫ હજારનું મંગલસૂત્ર ચોરાયું

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના જુના બજાર વિસ્તારમાં આવેલ એક સોનીની દુકાનમાંથી સોમવારે ભર બપોરે બે અજાણી મહિલા તથા એક પુરૂષે આવીને માલિકની નજર ચુકવી અંદાજે ૨૧ ગ્રામના સોનાના મંગલસુત્રની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરીયાદ હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે કિશોરકુમાર સત્રભુજ સોનીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમની શ્રદ્ધા જ્વેલર્સમાં સોમવારે ૧૨.૩૦ વાગ્યાના સુમારે એક ૩૨ વર્ષનો પુરૂષ અને ૩૦ વર્ષની મહીલા તથા ૨૫ વર્ષની યુવતીએ આવીને મંગળસુત્ર જોઈએ છે તેમ કહી સોનાનુ મંગળસુત્ર બતાવવાનું કહ્યુ હતુ. દરમ્યાન આ ત્રણેય અજાણ્યા સ્ત્રી-પુરૂષોએ કિશોરભાઈની નજર ચુકવીને અંદાજે રૂ. ૬૫૦૦૦ કિંમતના સોનાના મંગળસુત્રની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ખબર પડતા કિશોરભાઈ સોનીએ ત્રણેય અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

પોલીસે શ્રદ્ધા જ્વેલર્સમાં લગાયેલા સીસીટીવી કેમેરાના ફુટેઝ તપાસીને ત્રણેયની ઓળખ કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે. હિંમતનગરમાં ભરબજારમાં અત્યારે તહેવારો નજીક આવતા હોવાને કારણે લોકો ખરીદી માટે ધસારો કરી રહ્યા છે. ત્યારે આવા અજાણ્યા તત્વો તકનો લાભ લઈને હાથચાલાકી કરી જતા રહે છે. ત્યારે લોકોએ પણ બજારમાં ખરીદી કરવા આવે ત્યારે જાગૃત રહેવા માટે પોલીસતંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

### ગાબડા પુરવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની જાળવણી મામલે પણ યોગ્ય પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા વરસાદી દિવસોના અંતે ફુટપાથને યોગ્ય કરવા માટે સર્વે હાથ ધરાશે. જયારે સર્વેના અંતે ફુટપાથને યોગ્ય કરવા માટે કામ હાથ ધરાશે. હાલ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસાપાસ ફુટપાથ પર ઘણા ઠેકાણે પોલાણ તેમજ ગાબડા જોવા મળી રહ્યા છે.

### અંધારપટ્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે સ્ટ્રીટ લાઈટની ફરિયાદો પણ એલ ઈ ડી પ્રોજેકટના લીધે હળવી થશે તેમ મનાતુ હતુ પરંતુ હજુ પણ વરસાદી દિવસોમાં સેકટરોમાં અંધારપટ્ટ છવાઈ જતો હોવાની ફરિયાદો સ્થાનિક રહીશોના રોષનુ કારણ બની રહી છે. છેલ્લા ચાર પાંચ દિવસથી શહેરમાં જુદા જુદા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે. જેમાં સે-૩ એ સે-૪ ઉપરાંત સે-૧૯ સે-૧૭ માં પણ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. જયારે સરકીટ હાઉસથી બોરીજ માર્ગ પર પણ છેલ્લા પાંચ દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ છે. શહેરના જુના અને નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલાની સંખ્યા વિશેષ છે. સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં અંધારુ થઈ જતા સેકટરવાસીઓને હાલાકી વેઠવી પડે છે. જયારે સેકટરમાં રહેતા સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓમાં પણ અંધારપટ્ટના લીધે ભયની લાગણી વ્યાપી છે. સેકટરોના આંતરિક માર્ગો પરથી અવરજવર કરતા રહીશોને પણ મુંઝવણ થાય છે. વરસાદી દિવસોમાં રસ્તા પર રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે. ત્યારે લાઈટો પણ ડુલ રહેતા સેકટરવાસીઓની સમસ્યા પેચીદી બની છે.સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટની ફરિયાદો નિવારવા માટે પણ સેકટરવાસીઓ ઉગ્ર રજુઆત કરી છે.

### લડાખ જવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિને લઈને રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા નિવેદન સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, રાહુલે ખુબ જ વિચાર કરીને નિવેદન કરવું જોઈએ. કારણ કે, આ સંવેદનશીલ મુદ્દા ઉપર કોઈપણ ઉશ્કેરણીજનક કૃત્યો ખતરનાક બની શકે છે. રાજ્યપાલે એમ પણ કહ્યું હતુ કે, તેઓએ રાજ્યમાં આવવા માટે રાહુલ ગાંધીને નિમંત્રણ આપ્યું છે. રાહુલ માટે વિમાન મોકલવાની પણ વાત કરી હતી. સાથે સાથે સ્થિતિની સમીક્ષા કરવાની પણ વાત કરી હતી. આના જવાબમાં રાહુલે ટ્વિટ કરીને કહ્યું છે કે, તેમને કોઈ ખાસ વિમાનની જરૂર નથી પરંતુ જમ્મુ કાશ્મીરમાં સ્વતંત્રતા સાથે ફરવાની તક મળવી જોઈએ.

### સુપ્રીમનો ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસ થઈ રહ્યા છે. અરજી કરનારની માંગ ઉપર કાશ્મીરમાંથી નિયંત્રણોને દૂર કરવાની રજૂઆત પર કોર્ટે કહ્યું હતું કે, સરકારને જમ્મુ કાશ્મીરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે પુરતો સમય મળવો જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, આજે જમ્મુ કાશ્મીરમાં નિયંત્રણો હળવા કરવામાં આવી રહ્યા છે. જો આવી સ્થિતિમાં ત્યાં કંઈ થાય છે તો આની જવાબદારી કોણ લેશે. આ સંદર્ભમાં કોર્ટે કહ્યું હતું કે, રાજ્યનો મામલો ખુબ સંવેદનશીલ છે. સરકારને સામાન્ય સ્થિતિ પુનઃ સ્થાપિત કરવા માટે પુરતો સમય આપવો જોઈએ. કોર્ટ વહીવટીતંત્રના મામલામાં દરમિયાનગીરી કરી શકે નહીં. અરજી કરનાર પર ચુકાદો સંભળાવતા કોર્ટે કહ્યું હતું કે, સરકાર રોજની સ્થિતિનું મૂલ્યાંકન લઈ રહ્યું છે. આવી સ્થિતિમાં સ્થિતિ સામાન્ય બનાવવાની રાહ જોવાની જરૂર છે.

### લાલચોક પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર ૧૫મી ઓગસ્ટના કાર્યક્રમને લઈને આંતરિક ચર્ચામાં વ્યસ્ત છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ પણ હાલના સમયમાં કાશ્મીર ખીણમાં રહેલા છે. આ પહેલા પાકિસ્તાનના આતંકવાદી સંગઠનો તરફથી ધમકી મળ્યા બાદ ૨૬મી જાન્યુઆરી ૧૯૯૨ના દિવસે ભાજપના તત્કાલિન અધ્યક્ષ મુરલી મનોહર જોશી અને નરેન્દ્ર મોદી (એ વખતે સંઘ પ્રચારક) શ્રીનગરના લાલચોક ઉપર તિરંગાને લહેરાવવામાં સફળ રહ્યા હતા. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ૧૯૪૮માં લાલચોક ઉપર પ્રથમ વખત તિરંગા ધ્વજ લહેરાવ્યા હતા. ત્યારથી જ આ જગ્યાનું મહત્વ વધી ગયું છે. બીજી બાજુ એનસીપી દ્વારા આનો વિરોધ કરવામાં આવ્યો છે.

### શેરબજાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિફ્ટી ૧૮૪ પોઈન્ટ ઘટીને ૧૦૯૨૬ની નીચી સપાટીએ રહ્યો હતો. તમામ સેક્ટરલ કાઉન્ટરમાં મંદી રહી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો. ફાઈનાન્સિયલ સર્વિસના શેરમાં ત્રણ ટકાનો અને બેંકિંગના શેરમાં ૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપમાં ૧૩૩૪૮ની સપાટી રહી હતી તેમાં ૩૨૧ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે બીએસઈ સ્મોલકેપમાં ૧૮૧ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૨૫૧૮ રહી હતી તેમાં ૧.૪૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. આજે શેરબજારમાં અફડાતફડીનો દોર જોરદારરહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં જોરદાર તેજી જામી હતી. ઈન્ટ્રા ડે દરમિયાન આ શેરમાં જોરદાર તેજી રહી હતી. કારોબારના અંતે રિલાયન્સના શેરમાં ૯.૬ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

### ભાજપમાં જોડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપસ્થિતિમાં આજે પાર્ટીના સ્થાપક તથા પાંચ વખતના મુખ્યમંત્રી ચામલિન સહિત પાંચ અન્ય ધારાસભ્યોને બાદ કરતા તમામ ધારાસભ્ય ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા હતા. પાર્ટીમાં હવે કુલ ૧૫ ધારાસભ્યો રહ્યા છે. ભાજપ સિક્કિમ વિધાનસભાની ચૂંટણીમાં એક પણ બેઠક જીતી શકી ન હતી પરંતુ હવે ભાજપના ૧૦ ધારાસભ્યો થઈ ગયા છે. ૧૯૯૩માં પવન ચામલિન દ્વારા એસડીએફની રચના કરવામાં આવી હતી. પાર્ટીએ ત્યારબાદથી યોજાયેલી તમામ પાંચ વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવી હતી. પાર્ટીએ ૧૯૯૪, ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪ વિધાનસભાની ચૂંટણીમાં પૂર્ણ બહુમતિની સરકાર બનાવી છે. અલબત્ત આ વર્ષના ગાળા દરમિયાન એસડીએફને હારનો સામનો કરવો પડ્યો છે. ક્ષેત્રિય દળો ઉપર રાજ્યની પ્રજાનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. ૧૯૯૪માં ચામલિંગની પાર્ટી એસડીએફ ૧૯ સીટો ઉપર જીતી ગઈ હતી જ્યારે નરબહાદુર ભંડારીના નેતૃત્વમાં સિક્કિમ સંગ્રામ પરિષદને ૧૦ સીટો મળી હતી. હાલમાં જ યોજાયેલી ચૂંટણીમાં પણ સિક્કિમમાં મોટા ફેરફાર જોવા મળ્યા હતા. ૨૦૧૬માં આસામમાં પ્રથમ વખત સરકાર બનાવ્યા બાદ ભાજપે અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુરમાં સરકાર બનાવી છે.